ગાંધીનગર સમાચાર

# છત્તીસગઢમાં નસબંધી પછી આઠ મહિલાઓના મોત

## ૩૨ની હાલત ગંભીર : અનેક તબીબો અને અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ : નસબંધી કેમ્પો બંધ



વિલાસપુર,તા. ૧૧

છત્તીસગઢના વિલાસપુર જિલ્લામાં નસબંધી બાદ નવ મહિલાઓના મોત થઇ ગયા છે અને ૫૪ મહિલાઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી ચુકી છે જે પૈકી ૩૨ની હાલત ગંભીર જણાવવામાં આવી છે. હચમચી ઉઠેલી છત્તીસગઢ સરાકરે મૃતકના પરિવારને બે-બે લાખ રૂપિયાની જાહેરાત કરી દીધી છે. આ ઘટના બાદ તમામ નસબંધી કેમ્પોને બંધ કરવાનો આદેશ કરાયો છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, બે મહિલાઓને શનિવારના દિવસે વિલાસપુર નજીક સકરી ગામમાં એક ખાનગી હોસ્પિટલમાં સ્થાપિત આરોગ્ય શિબિરમાં ઓપરેશન કરાવ્યું હતું. આ શિબિરમાં તખતપુર બ્લોક અને આસપાસના ગામોની ૮૩ મહિલાઓ દ્વારા નસબંધી કરાવવામાં આવી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, હાઈપોવોલુમિક શોક અથવા સેપ્ટિક બતાવવામાં આવ્યું છે. જિલ્લા વહીવટીતંત્રએ મામલામાં તપાસના આદેશ આપી દીધા છે. સૌથી મોટો પ્રશ્ન લોકોને એ સતાવી રહ્યો છે કે, છેલ્લા છ કલાકમાં જ ૮૬ ઓપરેશન કઈ રીતે કરવામાં આવ્યા. જિલ્લા વહીવટીતંત્રના સિવિલ સર્જન બીઆર નંદાનું કહેવું છે કે, વિલાસપુરમાં સકરી ગામમાં નેમિચંદ જૈન કેન્સર રિસર્ચ સેન્ટરમાં નસબંધી શિબિરનું આયોજન કરાયું હતું. આમા મુખ્ય તબીબી અધિકારી આરકે ભાંગે, તબીબ પ્રમોદ તિવારી, વરિષ્ઠ સર્જન ડો. આરકે ગુપ્તા સહિત અનેક તબીબો અને આરોગ્ય કર્મીઓની ડ્યુટી લગાવવામાં આવી હતી પરંતુ બેદરકારી હોવાનું જાણવા મળ્યું છે. અનેક અધિકારીઓ અને તબીબોને સસ્પેન્ડ કરવાનો તાત્કાલિક ધોરણે આદેશ કરાયો છે.

## મોદીનો ક્રેઝ : દુનિયાના નેતા મળવા માટે ઉત્સુક બન્યા છે

નવી દિલ્હી,તા. ૧૧

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા કરતા હવે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડીમાન્ડ વિશ્વમાં વધારે દેખાઇ રહી છે. વિશ્વના નેતાઓ મોદીને મળવા માટે ઉત્સુક બનેલા છે. પૂર્વ એશિયા અને જી-૨૦ દેશોના આગામી શિકર બેઠકોમાં દુનિયાના પાંચ સૌથી શક્તિશાળી નેતાઓ બરાક ઓબામા, વ્લાદીમીર પુટિન, શી જિનપિંગ, શિન્જો અબે અને એન્જેલા માર્કેલ કરતા વધારે મહત્વ હવે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળી રહ્યું છે. મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરવા માટે અનેક દેશોના નેતાઓ ભારે ઉત્સુક દેખાઇ રહ્યા છે. મ્યાનમાર્ અને ઓસ્ટ્રેલિયામાં આ સપ્તચાહમાં ંજ યોજનાર પૂર્વ એશિયા, આસિયાન અને જી-૨૦ સમિટમાં મોદી સાથે વાતચીત કરવા વિશ્વના નેતાઓ ઉત્સુક દેખાઇ રહ્યા છે. ।સાઉથ બ્લોકના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે મ્યાનમારના નેપિટો અને ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં યોજાનાર શિખર બેઠક દરમિયાન અનેક નેતાઓ મોદીને મળવાની ઇચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. આના માટે અનેક રિઝર્વ સ્લોટ રાખવામાં આવ્યા છે. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે પૂર્વ એશિયા બેઠક અને જી-૨૦માં કેટવલાક નેતા એકસમાન છે. આ કારણસર આ નેતાઓના કાર્યક્રમના આદાર પર મોદીની બેઠકના કાર્યક્રમ નક્કી કરવામાં આવી રહ્યા છે. આ તમામ દેશો ભારતની સાથે હવે આર્થિક અને વેપારી સંબંધો વધારી દેવા ઇચ્છુક છે. ભારતમાં રોકાણ કરવા માટે પણ ઇચ્છુક દેખાઇ રહ્યા છે. મોદી કાર્યક્રમ દરમિયાન ઓબામા, અબે અને રોસેફને મળી શકે છે. રશિયન પ્રમુખ પુટિન ડિસેમ્બરમાં બારત આવી રહ્યા છે મોદી માર્કેલ અને બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરૂનને મળવા માટે પ્રયાસ કરશે. કારણ કે આ ેતાઓ સાથે હજુ તેમની વાતચીત થઇ નથી.

## જાન્યુઆરીથી ગ્રાહકને સિલિન્ડર માટે ૮૧૦ રૂપિયા ચુકવવા પડશે

નવી દિલ્હી,તા. ૧૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય અને ગરીબ લોકોને રાહત મળે તેવી હિલચાલ રૂપે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર હવે ગરીબ ગ્રાહકોની મદદ કરવા માટે પાંચ કિલોના એલપીજી સિલિન્ડર પર ઉપલબ્ધ કરાવનાર છે. બ્લેક માર્કેટમાં કેટલાકને હાલમાં ગેસ સિલિન્ડર ખરીદવાની ફરજ પડી રહી છે. જાન્યુઆરીથી ડીબીટીએલ સ્કીમ અમલી બની રહી છે જે હેઠળ દરેક ગ્રાહકને સિલિન્ડર માટે પુરા ૮૧૦ રૂપિયા ચુકવવા પડશે. સબસિડીની રકમ મોડેથી એલપીજી સિલિન્ડરની ખરીદી બાદ બેંકમાં જમા થશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે એલપીજી ગેસ સિલિન્ડર માટે દરેક ગ્રાહકને ૮૧૦ રૂપિયાની ચુકવણી કરવાનુ પોષાય તેમ નથી જેથી ગ્રાહકોને નાના



એલપીજી ગેસ સિલિન્ડર આપવાની હિલચાલ ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે જો નાના એલપીજી ગેસ સિલિન્ડર આપીશુ તો ૧૬૦ મિલિયન ગ્રાહક સુધી પહોંચી શકાશે. દોઢ કરોડથી પણ વધારે લોકો સુધી પહોંચવાની હિલચાલ હેઠળ ચર્ચા ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે સામાન્ય લોકોને રાહત કઇ રીતે મળે તે માટે સરકાર કટિબદ્ધ છે. પહેલી ।જાન્યુઆરીથી ડાઈરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ઓફ એલપીજી સ્કીમ હેટળ દરેક ગ્રાહકને ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડર ખરીદવા માટે પુરા ૮૧૦ રૂપિયાની ચુકવણી કરવી પડશે. રૂપિયા ૩૯૩ની પ્રતિ સિલિન્ડર સબસિડી ત્યારબાદ તેમના ખાતામાં સીધી રીતે જમા થશે. એક વર્ષમાં ૧૨ સિલિન્ડરની ખરીદી પર આ વ્યવસ્થા રહેશે. નેટ કિંમત ૪૧૭ રૂપિયા છે. પાંચ કિલોના સિલિન્ડર પ્રો રેટ આધાર પર પુરા પડાશે. ઘમા ગરીબ ખરીદારો જાહેર છેત્રની ઓઇલ માર્કિટગ કંપનીમાં ગ્રાહક તરીકે નોંધાયેલા નથી. આ કંપનીઓ બ્લેક માર્કેટમાં નાના સિલિન્ડર ખરીદવા માટે ગરીબ લોકોને ફરજ પાડે છે. પ્રધાને કહ્યું હતું કે ઓલ ઈન્ડિયા આદાર પર પાંચ કિલોના એલપીજી સિલિન્ડર ઉપલબ્ધ કરાવવા માટે ઓઈલ કંપનીઓને તેઓ આદેશ આપે છે.

**અમેરિકી નેવી સીલ કમાન્ડો ઓનેલનો દાવો**

## ગુડ લક માટે લાદેનને ત્રીજી ગોળી મારવામાં આવી હતી

ન્યુયોર્ક,તા. ૧૧

અલકાયદાના ખતરનાક ત્રાસવાદી ઓસામા બિન લાદેનને મોતને ઘાટ ઉતારી દેનાર પૂર્વ અમેરિકી નેવી સીલના કમાન્ડો રોબર્ટ ઓનેલે કહ્યું છે કે લાદેનને ત્રીજી ગોળી ગુડ લક માટે તેના દ્વારા મારવામાં આવી હતી. તેનુ કહેવુ છે કે લાદેનના માથામાં બે ગોળી મારી દેવામાં આવ્યા બાદ તેને લાગ્યું હતું કે તેને વદુ એક ગોળી મારવામાં કોઈ નુકસાન નથી. ઓનેલે આ વાત મેનહટન સ્થિત અમેરિકી હુમલાના મ્યુઝિયમમાં પિડિત પરિવાર સાથેની વાતચીતમાં કરી હતી. ત્યારબાદ આમાંતી કેટલાક લોકોએ આ સંબંધમાં ન્યુયોર્ક પોસ્ટેને વાત કરી હતી. આ પૂર્વ કમાન્ડોએ એમ પણ કહ્યું હતું કે સીલ ટમને પણ લાદેનને મોતને ઘાટ ઉતારી દેવાના સંબંધમાં અભિયાન અંગે માહિતી આપવામાં આવી ન હતી. તેમણે કહ્યું હતું કે અમારી ટીમને પણ મિશન અંગે વાત કરવામાં આવી ન હતી. માત્ર એટલુ કહેવામાં આવ્યું હતું કે અમે પોતાના લક્ષ્યને પાર પાડવા માટે જઈ રહ્યા છીએ. ઓનેલે એ વખતે ફોન કરીને પોતાના બાળકો સાથે વાત કરી હતી. ત્યારે તેને લાગી રહ્યું હતું કે કદાચ તે ફરી બાળકોને મળી શકશે નહી. અત્રે ઉલ્લેખનીય છે કે મે ૨૦૧૧માં પાકિસ્તાનના એબટાબાદમાં અમેરિકાની નૌકા સેનાના ખાસ કમાન્ડોએ ઓપરેશન હાથ ધરીને લાદેનને મોતને ઘાટ ઉતારી દીધો હતો. લાદેનને પોતાની ગોળીઓથી મોતને ઘાટ ઉતરી દેનાર અમેરિકી નૌકા સેનાની સીલ કમાન્ડો ટીમના પૂર્વ સભ્ય દ્વારા આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. ઓનેલના દાવાને લઈને હાલ અમેરિકામાં ભારે ચર્ચા રહી છે. લાદેન વિશ્વના સૌથી ખતરનાક ત્રાસવાદી પૈકીનો હતો. તે અમેરિકા સહિતના કેટલાક દેશોમાં હુમલા માટે જવાબદાર હતો. વર્ષો સુધી છુપાઈને રહ્યા બાદ તેને વર્ષ ૨૦૧૧માં ઠાર કરાયો હતો.

## પાસપોર્ટ મેળવવા માટે હવે આધારકાર્ડ ફરજિયાત

નવીદિલ્હી,તા. ૧૧

પાસપોર્ટને લઈને હવે આધારને ફરજિયાત બનાવી દેવાની હિલચાલ ચાલી રહી છે. નવેસરથી પાસપોર્ટ જારી કરતા પહેલા પોલીસ ચકાસણી અથવા તો પોલીસ વેરિફિકેશનની પ્રક્રિયા હવે ઈતિહાસ બની જશે. કારણ કે વિદેશ મંત્રાલય દ્વારા અરજીદારની ઓળખ માટે આધારકાર્ડ ઉપર આધાર રાખવાની ગણતરી કરી લેવામાં આવી છે. સાથે સાથે ફોજદારી રેકોર્ડની ખાતરી કરવા માટે નેશનલ ક્રાઈમ બ્યુરોના આંકડા ઉપર આધારિત રહેશે. નાગરિકતા, સમન્સ, વોરંટ જેવા પાસાઓ ઉપર સ્વ જાહેરાતની અરજીદારની બાબત સાથે આ તમામ બાબતો આધારિત રહેશે. વેરિફિકેશન બાદના આધાર પર નવા પાસપોર્ટ જારી કરવામાં આવશે. સરળ પોલીસ વેરિફિકેશનની વ્યવસ્થા સમય સમય ઉપર ઉભી થતી ફરિયાદોને દૂર કરશે. પાસપોર્ટ જારી કરવામાં વિલંબને લઈને ઘણી બધી ફરિયાદો થઈ ચુકી છે. કોન્સ્યુલર દ્વારા સુચવવામાં આવેલી સુધારેલી રૂપરેખા મુજબ વિદેશમંત્રાલયના વિઝા અને પાસપોર્ટ ડિવિઝન દ્વારા ગૃહમંત્રાલય સાથે, કાયદા મંત્રાલય, ઈન્ટેલીજન્સ બ્યુરો સાથે ચર્ચા થઈ ચુકી છે. સરકાર હવે વડાપ્રધાન મોદીના આદેશ ઉપર આગળ વધી રહી છે જેના ભાગરુપે પાસપોર્ટ જારી કરવા માટે આધારકાર્ડને ફરજિયાત બનાવવામાં આવનાર છે. આને અમલી બનાવવા યુઆઈડીએઆઈ સાથે વાતચીત ચાલી રહી છે. તેની સાથે સહકાર કરાઈ રહ્યો છે. આ મહિનાના અંત સુધી પ્રક્રિયાને પૂર્ણ કરી લેવાશે. અરજીદાર પાસે આધારકાર્ડ નહીં હોવાના કેસમાં તેના આધાર નોંધણી નંબરને પણ ચલાવી લેવામાં આવશે. ૨૪મી સપ્ટેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હોવા છતાં નવેસરના પાસપોર્ટ જારી કરવા માટે આધાર કાર્ડને ફરજિયાત બનાવવા સરકારની હિલચાલ ચાલી રહી છે.

સુપ્રીમે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જાહેર સર્વિસ અથવા તો સબસિડી મેળવવા માટે આધારને ફરજિયાત કરી શકાય નહીં. વર્તમાન વ્યવસ્થા હેઠળ પોલીસ વેરિફિકેશન અહેવાલ મળી ગયાના એક સપ્તાહની અંદર પાસપોર્ટ જારી કરવામાં આવે છે. પોલીસ વેરિફિકેશનની પ્રક્રિયા જરૂરી બને છે. બાળકોના કેસમાં પણ જુદી વ્યવસ્થા રહેલી છે.



## બંગાળમાં આતંકવાદીનું નેટવર્ક ફેલાવવા પ્રયાસો

કોલકાતા,તા. ૧૧

કોલકાતામાં એનઆઈએ ઓફિસની બહાર વિસ્ફોટના કારણે સનસનાટી મચી ગઈ છે. પશ્ચિમ બંગાળમાં આતંકવાદી નેટવર્કને ફેલાવવાના પ્રયાસ થઈ રહ્યા છે તેવી બાબત સપાટી ઉપર આવી ગઈ છે. બર્ધવાન બ્લાસ્ટ કેસને ઉકેલવાની નજીક એનઆઈએની ટીમ પહોંચી ગઈ છે. કારણ કે, જમાત ઉલ મુઝાહિદીન બાંગ્લાદેશના અનેક મુખ્ય સૂત્રધારોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. તપાસકારોને શંકા છે કે, એનઆઈએની ઓફિસની બહાર ધડાકો કરવા પાછળનો હેતુ વધુ તપાસ સામે ચેતવણી તરીકે જોવામાં આવે છે. આ બ્લાસ્ટ ગઈકાલે ૭.૩૦ વાગે થયો હતો. એનઆઈએ કેમ્પ ઓફિસની બહાર આ બ્લાસ્ટ થયો હતો. કોલકાતા શહેરના સોલ્ટલેકમાં બીધાનનગરમાં સ્થિત એનઆઈએ કેમ્પ ઓફિસમાં આ બ્લાસ્ટ થયો હતો. બે ક્રૂડ બોંબ એક કારમાંથી ફેંકવામાં આવ્યા હતા. બંગાળમાં આતંકવાદી નેટવર્ક સ્થાપિત કરવાના પ્રયાસ થઈ રહ્યા હોવાના સંકેત મળી રહ્યા છે.

## કરિશ્મા-સંજય હવે વચ્ચે સમાધાનની શક્યતા નથી

મુંબઈ,તા. ૧૧

કરીશ્મા કપુર અને સંજય કપુર વચ્ચે હવે સમાધાન થાય તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. નજીકના સુત્રોનું કહેવું છે કે, પરિવારના કેટલાક સભ્યોને આશા દેખાઈ રહી છે પરંતુ તેમની વચ્ચે હવે સમાધાન ખૂબ જ મુશ્કેલ છે.



કરિશ્મા કપુર અને સંજય કપુર મુંબઈમાં ફેમેલી કોર્ટમાં પારસ્પરિક મંજુરી સાથે છુટેછેડા માટે અપિલ દાખલ કર્યાને પાંચ મહિનાનો સમય થઈ ગયો છે. કાયદા મુજબ છૂટાછેડા મેળવનાર દરેક દંપત્તિને છ મહિનાનો સમય આપવામાં આવે છે. આ છ મહિનાના ગાળામાં સમાધાનના પ્રયાસ કરવામાં આવે છે. બીજીબાજુ કરિશ્મા કપુરનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલ ક્રાંતિસાઠેનું કહેવું છે કે હજુ સુધી સમાધાન માટેના કોઈ પ્રયાસ થયા નથી. જો છ મહિના પુરા થઈ જશે તો બન્ને પક્ષોને અંતિમ વાતચીત માટે બોલાવવામાં આવશે. પરિવારને હજુ આશા દેખાઈ રહી છે કે, સંજય કપુર હજુ સુધી સમાધાનના મુડમાં દેખાઈ રહ્યો નથી વ્યક્તિગતો દ્વારા પોતપોતાના સ્તર પર પ્રયાસો થઈ રહ્યા છે. સૈફઅલી ખાન પણ સક્રિય હોવાના અહેવાલ મળ્યા છે.

## મહારાષ્ટ્ર : સસ્પેન્સ વચ્ચે આજે ફડનવીસ વિશ્વાસ મત મેળવશે

મુંબઈ,તા. ૧૧

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે આવતીકાલે વિશ્વાસ મત મેળવનાર છે. શિવસેના સાથે છેડો ફાડી લીધા બાદ દેવેન્દ્ર ફડનવીસ સરકાર કઈ રીતે બચી શકશે તે બાબતને લઈને પણ ચર્ચા છે.વિશ્વાસ મતને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. શિવસેના અને ભાજપ વિશ્વાસ મત પહેલા ભારે સાવધાનીપૂર્વકનું વલણ અપનાવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં વિશ્વાસ મતને લઈને ભાજપે આજે કહ્યું હતું કે, તે કોંગ્રેસ સિવાય અન્ય કોઈ પાર્ટીનો ટેકો લેવા માટે તૈયાર છે. રાજ્યના વિકાસ માટે કોંગ્રેસ સિવાય તમામ પક્ષોના ટેકાનું સ્વાગત કરાશે. શરદ પવારના નેતૃત્વમાં એનસીપી બિનશરતી ટેકો આપવાની વાત કરી ચુકી છે. આ સંદર્ભમાં પુછવામાં આવતા ભાજપના નેતા રાજીવપ્રતાપ રુડીએ કહ્યું હતું કે, રાજ્યના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. મુખ્તાર અબ્બાસ નકવી સાથે સંસદીય બાબતોના રાજ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળી લીધા બાદ રુડીએ આ મુજબની વાત કરી હતી.

ભાજપ મહારાષ્ટ્ર વિધાનસભામાં ૧૨૧ સભ્યો ધરાવે છે. બહુમતી માટે તેને ૨૪ની જરૂર છે. સાત અપક્ષ અને નાના પક્ષોના થોડાક સભ્યો સાથે અંતરને ઘટાડી શકે છે પરંતુ બહુમતી સુધી હજુ પણ તેઓ પહોંચતા નથી. ૪૧ સભ્યો ધરાવનાર એનસીપીની ભૂમિકા મુખ્ય રહેશે. દેવેન્દ્ર ફડનવીસ સરકારને ટકાવી રાખવામાં એનસીપીની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. ૬૩ સભ્ય ધરાવનાર શિવસેના વિપક્ષમાં બેસવાની તૈયારીમાં છે જેથી એનસીપી દ્વારા સક્રિયપણે મતદાન અથવા તો ગેરહાજરી વચ્ચે ફડનવીસ સરકાર ટકી શકે છે. મહારાષ્ટ્રમાં આવતીકાલનો દિવસ મહત્વનો રહેશે. આજે બીજા દિવસે સભ્યોએ શપથ લીધા હતા. મહારાષ્ટ્ર વિધાનસભામાં શિવસેનાના ધારાસભ્યો એકત્રિત રહ્યા હતા. શિવસેના દ્વારા સ્પીકરની ચુંટણીના કાર્યક્રમને રદ કરવાની માંગણી કરવામાં આવી છે. ફડનવીસ વિધાનસભા ગૃહમાં આવતીકાલે વિશ્વાસ મત મેળવશે. ભાજપના નેતા રુડીનું કહેવું છે કે, રાજ્યના વિકાસ માટે ભાજપ સંપૂર્ણપણે કટીબદ્ધ છે.વિશ્વાસ મતને લઈને ભાજપ વધુ ચિંતિત દેખાઈ રહી નથી. એનસીપી મતદાનમાં ભાગ ન લેવાનો નિર્ણય કરે તો પણ ત્રણથી ચાર ધારાસભ્યોની જરૂર પડી શકે છે. એનસીપીના નેતા શરદ પવાર હાલમાં સ્થિર સરકાર આપવાની ખાતરી આપી ચુક્યા છે. આવતીકાલે એનસીપીની પણ બેઠક યોજાનાર છે.

## સમાચાર ઝલક

- બે રાજયની પોલીસે સાંસદોની ચોરાયેલી બકરીઓ શોધી આપી.
- બ્લડપ્રેશરનું માપ ૧૩૦/૯૦ હોય તો દવાની જરુરિયાત નથી.
- બાંગ્લાદેશના ત્રાસવાદી જૂથની ભારતમાં ત્રાટકવાની શકયતા.
- નાઈજિરીયામાં આત્મઘાતી હુમલામાં ૪૮ વિદ્યાર્થીઓના મોત.
- ઓલપાડ તાલુકામાં સાઈનાઈડના જોખમી પ્લાન્ટ સામે લોકોનો ભભુકતો રોષ.
- ભારતીય મુળના ૧૩ વર્ષના વિદ્યાર્થીને બ્રેઈલ પ્રિન્ટર માટે ઈન્ટેલ તરફથી મદદ મળી.
- જીએસપીસીના ઔદ્યોગિક ગેસના ભાવમાં બે રૂપિયાનો ઘટાડો તા. ૧૬મી નવેમ્બરથી થશે.
- ઉત્તરપ્રદેશ-બિહાર-મધ્યપ્રદેશમાંથી દેશી હથિયારોની ગુજરાતમાં બિન્દાસ હેરાફેરી.
- પાટણ-સિદ્ધપુર હાઈવે એસ.ટી.-ટ્રેકટર અકસ્માતમાં ૩ નાં મોત.
- ક્રિકેટર શ્રી મહેન્દ્રસિંહ ધોની ટુંક સમયમાં પિતા બનશે.
- ગુજરાતી સાહિત્યના વિદ્વાન સારસ્વત ડો. બળવંત જાનીનું પૂ. મોરારી બાપુની હાજરીમાં અભિવાદન કરાયું.
- કાશીમાં પણ લેઉવા પટેલ સમાજ દ્વારા લેઉવા પટેલ સમાજ ભવનનું કોરોડોના ખર્ચે નિર્માણ કરાશે.
- ધ્વનિ પ્રદુષણો પર નિયંત્રણ લાદો-સુપ્રીમનો આદેશ.
- માર્ગદર્શન મળે તો ગુજરાતના એથ્લેટસ દેશનું નામ રોશન કરવા સક્ષમ-પી.ટી. ઉષા.
- બેંગ્લોરમાં મિનરલ પાણીના એ.ટી.એમ. શરૂ થયા.
- હવે ફિલ્મોમાં દરેક પ્રકારના રોલ ફિલ્મી અભિનેત્રી પરિણિતી કરશે.

## સેંસેક્સ ૩૫ પોઈન્ટ સુધરીને ૨૭૯૧૦ની ઉંચી સપાટીએ

મુંબઈ, તા. ૧૧

શેરબજારમાં કન્ઝ્યુમર ફુગાવાના આંકડા જારી કરવામાં આવે તે પહેલા ઉદાસીનતા જોવા મળી રહી છે. કન્ઝ્યુમર ફુગાવાનો દર ઓક્ટોબર મહિનામાં ૫.૮ ટકા સુધી રહી શકે છે. આવી સ્થિતિ વચ્ચે આજે શેરબજારમાં પણ તેની ચર્ચા રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૩૫ પોઈન્ટ સુધરીને ૨૭૯૧૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૮ પોઈન્ટ સુધરીને ૮૩૬૩ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. એકબાજુ મિડકેપ ઈન્ડેક્સ ૦.૭ ટકાના સુધારા સાથે બંધ રહ્યો હતો જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨ ટકાના સુધારા સાથે બંધ રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૫૬૪ જેટલા શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૪૪૨ શેરમાં મંદી રહી હતી. ફોરેનપોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ દ્વારા ૩૫૫.૩૦ કરોડની કિંમતના શેરની ખરીદી કરી લેવામાં આવી છે. એશિયન બજારમાં તેજી રહી હતી. બે ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. જાપાનના વડાપ્રધાન સિન્ઝો અબે દ્વારા સેલટેક્સ વધારાને મોકૂફ રાખે તેવી શક્યતા છે. યુરોપિયન બજારમાં તેજી સાથે કારોબારની શરૂઆત થઈ હતી. બીએસઈ બેંકેક્સમાં ૦.૮ ટકાનો સુધારો રહ્યો હતો જ્યારે બીએસઈ કેપિટલ ગુડ્ઝ અને ઓટો ઈન્ડેક્સમાં ૦.૬ ટકાનો સુધારો રહ્યો હતો. બીજી બાજુ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં ૧.૨ ટકા અને એફએમજીસી ઈન્ડેક્સમાં ૦.૭ ટકાનો સુધારો રહ્યો હતો. રિઝર્વ બેંક દ્વારા રેટમાં કાપની આશા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં બેંકિંગ શેરોમાં સુધારો થયો હતો. એક્સિસ બેંકના શેરમાં ૧.૬ ટકાનો, આઈસીઆઈસીઆઈ બેંક તેમજ એચડીએફસી બેંકમાં ૧.૪-૧.૬ ટકા વચ્ચેનો સુધાર રહ્યો હતો. એસબીઆઈના શેરમાં પણ ૦.૪ ટકાનો સુધારો નોંધાયો હતો. રેટલક્ષી ઓટોના શેરમાં મિશ્ર સ્થિતિ જોવા મળી હતી. એમએન્ડએમના શેરમાં ૨.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે મારુતિ સુઝુકમાં ૦.૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. તાતા મોટર્સમાં રિબાઉન્ડની સ્થિતિ રહી હતી.

## નહેરુ જયંતિ પર મોદીને આમંત્રણ અપાયું જ નહીં

દિલ્હી, તા.૧૧

કોંગ્રેસે દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની ૧૨૫ જન્મજયંતિના પ્રસંગે દિલ્હીમાં આયોજિત થનાર આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું નથી. અન્યોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ પરિષદમાં ભાગ લેવા માટે દુનિયાભરના ૫૪ રાજનેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે પરંતુ મોદીને આમંત્રણ આપવામાં આવ્યું નથી. કોંગ્રેસના પ્રવક્તા આનંદ શર્માએ મોદીને આમંત્રણ ન આપવાના મુદ્દા ઉપર ખુલાસો કર્યો છે. કોંગ્રેસે પંડિત નહેરુની ૧૨૫મી જયંતિના પ્રસંગે મોટાપાયે કાર્યક્રમ આયોજિત કરવાનો નિર્ણય કર્યો છે. અલબત્ત કેન્દ્ર સરકાર પણ દેશના પ્રથમ વડાપ્રધાનની ૧૨૫મી જયંતિ ઉપર મોટાપાયે કાર્યક્રમ આયોજિત કરશે. કોંગ્રેસ દ્વારા નહેરુ જયંતિ ઉપર ૧૭ અને ૧૮ નવેમ્બરના દિવસે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં કાર્યક્રમોનું આયોજન કર્યું છે.